રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીને સંગીન બનાવવા રાજ્યમાં શહેર/ટાઉન/ગ્રામ્ય કક્ષાએ નવા પોલીસ સ્ટેશન બનાવવા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર પોલીસ સ્ટેશનને પોલીસ ઇન્સ્પેક્ટરમાં અપગ્રેડ કરવા તથા નવી આઉટ પોસ્ટ /ચોકી શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ
સચિવલાય, ગાંધીનગર
તા.૨૧/૦૭/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૩૦/૦૬/૨૦૧૭ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) વિભાગનો તા.૧૪/૦૬/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૭/૪૨૪૧/સ (પાર્ટ-૧)

(૩) વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૮/૧૮૮૯/સ

(૪) વિભાગનો તા.૨૩/૧૦/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૮/૩૩૫૬/સ

(૫) વિભાગનો તા.૨૩/૧૦/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૮/૩૩૫૪/સ

(૬) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૧/૦૬/૨૦૧૭ નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવીસેવા/૨૦૧૭-૧૮/૧૦૫૯/૨૦૧૭

ઠ રા વ:-

રાજયમાં વધતા જતા ગુનાઓ ઉપર કંટ્રોલ કરવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સંગીન બનાવવા નવા ૧૭- પોલીસ સ્ટેશન બનાવવા, ૧૦- પોલીસ સબ ઇન્સ્પેક્ટર કક્ષાના પોલીસ સ્ટેશનને પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવા તથા ૧૦- નવી ચોકી/આઉટ પોસ્ટ શરૂ કરવા માટે નવી સેવા વર્ષ ૨૦૧૭-૧૮માં વિવિધ સંવર્ગની કુલ-૧૧૨૯ જગ્યાઓ વંચાણે લીધેલ ક્રમ(૧)ના ઠરાવથી ઉભી કરવામાં આવેલ છે. જે અંતર્ગત નવા પોલીસ સ્ટેશન અપગ્રેડ કરવાના થતાં પોલીસ સ્ટેશન તેમજ નવી આઉટ પોસ્ટ/ચોકીના સ્થળ નક્કી કરવાની અને મહેકમ ફાળવવાની બાબતે સરકાર દ્વારા અગાઉ વંચાણે લીધેલ ક્રમ(૨)ના ઠરાવથી પંચમહાલ જીલ્લાના શહેરા પોલીસ સ્ટેશન અપગ્રેડ કરવા માટે બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટરની ૧ જગ્યા અને બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૧ જગ્યા એમ મળી કુલ-૨ જગ્યા ફાળવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ(૩)ના ઠરાવથી ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ સ્ટેશનના કતપર ગામ ખાતે નવું આઉટ પોસ્ટ મંજુર કરવામાં આવેલ જેમાં બિન હથિયારી આસીસ્ટન્ટ સબ

ઇન્સ્પેકટરની ૧ જગ્યા, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૨ જગ્યા તથા હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૧ જગ્યા મળી કુલ -૪ જગ્યા ફાળવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ(૪)ના ઠરાવથી નર્મદા જિલ્લાના કેવડીયા પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરવા બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટરની ૧ જગ્યા ફાળવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ(૫)ના ઠરાવથી નર્મદા જિલ્લા ખાતે નવું ટ્રાફીક પોલીસ સ્ટેશન મંજુર કરવામાં આવેલ છે જેમાં બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટરની ૧ જગ્યા, બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૨ જગ્યા, બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટરની ૧૦ જગ્યા, બિન હથિયારી હેડ કોન્સ્ટેબલની ૧૦ જગ્યા, બિન હથિયારી પોલીસ કોન્સટેબલની ૩૯ જગ્યા, હથિયારી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેકટરની ૩ જગ્યા તથા હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૧૫ જગ્યા એમ મળી કુલ-૮૫ જગ્યાઓ ફાળવવામાં આવેલ છે. આમ અપગ્રેડ કરવાના ૨ પોલીસ સ્ટેશન માટે કુલ-૩ જગ્યા, એક નવા પોલીસ સ્ટેશન માટે કુલ-૮૫ જગ્યા અને નવી આઉટ પોસ્ટ/ચોકી માટે કુલ-૪ જગ્યા મળી કુલ- ૯૨ જગ્યા અગાઉ ફાળવી દીધેલ છે.

ઉપરોક્ત વિગતે કુલ-૧૧૨૯ પૈકી બાકી રહેતી ૧૦૩૭ જગ્યાઓની ફાળવણી તેમજ બાકી રહેતા નવા ૧૬ પોલીસ સ્ટેશન, અપગ્રેડ કરવાના થતા ૮ પોલીસ સ્ટેશન તેમજ ૯ નવી આઉટ પોસ્ટ/ચોકી નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે વંચાણે લીધેલ ક્રમ(૬)ના તા.૨૧/૦૬/૨૦૧૭ થી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીએ દરખાસ્ત કરેલ છે.

૨. પૃખ્ત વિચારણાને અંતે આ સાથેના પત્રક ૧,૨,૩, મુજબના સ્થળોએ કુલ ૧૬ નવા પોલીસ સ્ટેશન, ૮ અપગ્રેડ કરવાના પોલીસ સ્ટેશન તથા ૭ નવી આઉટ પોસ્ટ/પોલીસ ચોકી ઉભા કરવાનું અને જરૂરી સ્ટાફ ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે. બાકી રહેતી બે નવી આઉટ પોસ્ટ/ચોકી બાબતે હવે અને ૨ બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ તેમજ ૬ બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ફાળવણી અંગે હવે પછી નિર્ણય લેવામાં આવશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૦/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે કરવામાં આવે છે.

(ડી.એ.શાહ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

મા.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ (તેઓના ક્ષેત્રધિકારમાંના જે પોલીસ સ્ટેશનોને લઇને નવા પોલીસ સ્ટેશન આ ઠરાવથી મંજુર થયા છે તે માટે પોલીસ સ્ટેશનોના હદ વિસ્તારમાં ફેરફારોના જાહેરનામાના મુસદ્દા દિન-૭માં શ્રુતી ફોન્ટમાં અંગ્રેજી તથા ગુજરાતીમાં ગૃહ વિભાગના ટી.સી.એન્ડ ટી. પ્રભાગમાં રૂબરૂ પહોંચતી કરવા ખાસ વિનંતી સાથે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, વ શાખા, બ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આઇ.ટી. સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર આ ઠરાવ ગૃહ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

ગૃહ વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ નું બિડાણ

પત્રક-૧

| અ.નં | શહેર/જિલ્લાનુ નામ | નવા પોલીસ સ્ટેશનના નામ | U.PI | U.PSI | U.ASI | U.HC | U.PC | A.ASI | Dr.PC | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત શહેર | અડાજણ ખાતે નવું પાલ પોલીસ સ્ટેશન | ૧ | ૨ | ૫ | ૨૩ | ૪૦ | ૨ | ૨ | ૭૫ |
| ૨ | સુરત શહેર | ચોક બજાર ખાતે નવુ સીંગણપોર ડભોલી પોલીસ સ્ટેશન | ૧ | ૨ | ૫ | ૨૩ | ૪૦ | ૨ | ૨ | ૭૫ |
| ૩ | જુનાગઢ | સાસણગીર | ૧ | ૧ | ૫ | ૨૩ | ૩૮ | ૨ | ૨ | ૭૨ |
| ૪ | દાહોદ | બી ડીવીઝન | ૧ | ૧ | ૫ | ૨૨ | ૩૮ | ૨ | ૨ | ૭૧ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | નળસરોવર | ૧ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૮ |
| ૬ | અમદાવાદ ગ્રામ્ય | કેરાલા, GIDC | ૧ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૮ |
| ૭ | કચ્છ પશ્ચિમ ભુજ | પ્રાગપર તા.મુન્દ્રા | ૧ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૮ |
| ૮ | કચ્છ પશ્ચિમ ભુજ | માધાપર | ૧ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૮ |
| ૯ | કચ્છ પશ્ચિમ ભુજ | માંડવી કોડાય | ૧ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૨ | ૫૯ |
| ૧૦ | છોટાઉદેપુર | ઝોઝ(બારીયા તરફ આવેલ) | ૧ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૨ | ૫૯ |
| ૧૧ | પાટણ | સરસ્વતી તાલુકા પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૩ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૭ |
| ૧૨ | ભાવનગર | મહુવા ગ્રામ્ય | ૦ | ૧ | ૩ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૬ |
| ૧૩ | મહિસાગર | બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૩ | ૧૯ | ૩૨ | ૦ | ૨ | ૫૮ |
| ૧૪ | મહિસાગર | લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૩ | ૧૯ | ૩૨ | ૦ | ૨ | ૫૮ |
| ૧૫ | સુરત ગ્રામ્ય | બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન | ૦ | ૧ | ૪ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૭ |
| ૧૬ | સુરેન્દ્રનગર | સાયલાના ધજાળા ગામે | ૦ | ૧ | ૩ | ૧૯ | ૩૨ | ૦ | ૧ | ૫૬ |
| | | કુલ | ૧૩ | ૧૮ | ૬૩ | ૩૧૯ | ૫૪૦ | ૮ | ૨૪ | ૯૮૫ |

(ડી.એ.શાહ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

D:\DESKTOP DATA\JADAV SIR COMPUTER DATA\CONTINEW ITEMS\CUNTINEW ITEM THARAVV.Docx

ગૃહ વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ નું બિડાણ

પત્રક-૨

| અ.નં | શહેર/યુનિટનું નામ | પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષામાં અપગ્રેડ કરવાના પોલીસ સ્ટેશનનોના નામ | મંજુર કરવાપાત્ર મહેકમ | | |
|---|---|---|---|---|---|
| | | | અનાર્મ પોલીસ ઇન્સ્પેક્ટર | અનાર્મ પોલીસ સબ ઇન્સ્પેક્ટર | કુલ ટોટલ |
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | બાવળા ટાઉન | ૧ | ૧ | ૨ |
| ૨ | અમરેલી | બાબરા | ૧ | ૧ | ૨ |
| ૩ | આણંદ | ખંભાત રૂરલ | ૧ | ૧ | ૨ |
| ૪ | કચ્છ પશ્ચિમ ભુજ | નખત્રાણા | ૧ | ૧ | ૨ |
| ૫ | ખેડા-નડીયાદ | મહેમદાવાદ | ૧ | ૧ | ૨ |
| ૬ | ગાંધીનગર | માણસા | ૧ | ૧ | ૨ |
| ૭ | વડોદરા રૂરલ | વાઘોડીયા પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૨ |
| ૮ | સુરત ગ્રામ્ય | કોસંબા પોલીસ સ્ટેશન | ૧ | ૧ | ૨ |
| | | કુલ- | ૮ | ૮ | ૧૬ |

(ડી.એ.શાહ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

ગૃહ વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૬/૪૨૪૧/સ નું બિડાણ

પત્રક-3

| અ.નં | શહેર/જિલ્લાનુ નામ | નવી પોલીસ ચોકી/આઉટ પોસ્ટના નામ | મંજુર કરવાપાત્ર મહેકમ | | |
|---|---|---|---|---|---|
| | | | U.HC | U.PC | TOTAL |
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | હાંસલપુર | ૧ | 3 | ૪ |
| ૨ | આણંદ | કરમસદ | ૧ | 3 | ૪ |
| 3 | ગીર-સોમનાથ | પ્રાચી | ૧ | 3 | ૪ |
| ૪ | તાપી-વ્યારા | ખરેડી | ૧ | 3 | ૪ |
| ૫ | બોટાદ | સારંગપુર | ૧ | 3 | ૪ |
| ૬ | રાજકોટ ગ્રામ્ય | ખોડલધામ | ૧ | 3 | ૪ |
| ૭ | સાબરકાંઠા | સીવીલ હોસ્પીટલ ચોકી | ૧ | 3 | ૪ |
| | કુલ- | | ૭ | ૨૧ | ૨૮ |

(ડી.એ.શાહ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ